# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

## મંગળવાર, તા.૦૩જી જૂન, ૨૦૨૫

### ૨૫૨. અંદાજ સમિતિની બેઠકઃ

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૨૭/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી. સમિતિની આ બેઠકમાં સમિતિએ ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા તા.૦૧/૦૫/૨૦૨૫ના રોજ મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ વિભાગને ફાળવવામાં આવેલ બજેટ અને થયેલ ખર્ચમાં રહેલ વિસંગતતા, સોલાર રૂફટોપ યોજના અને તેના ધારાધોરણો, સ્મશાનભઠ્ઠી યોજના, બાયોગેસ યોજના, સ્મોલ બાયોગેસ પ્લાન્ટ, દ્વિચક્રીય અને ત્રિચક્રીય વાહન યોજના, પી.એમ.સૂર્યઘર યોજના વગેરે યોજનાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

સમિતિની બેઠક બપોરના ૦૧–૫૮ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**ઈન્ચાર્જ સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**